Sunday
18.05.2025
✳Volume :9 ✳ Issue No.304
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં રૂ.૭૦૮ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો અને પોસ્ટવિભાગના લાભ વિતરણ કાર્યક્રમને સંબોધિત કર્યો

સમગ્ર વિશ્વ ભારતના સશસ્ત્ર દળોની ક્ષમતા અને મોદીજીની મજબૂત રાજકીય ઇચ્છાશક્તિની પ્રશંસા કરી રહ્યું છે :મંત્રી શ્રી અમિત શાહ

આજે આખી દુનિયા ભારતની રણનીતિ અને લશ્કરી શક્તિને આશ્ચર્યથી જોઈ રહી છે અને પાકિસ્તાન ડરથી તેનો અનુભવ કરી રહ્યું છે

મોદીજીના શાસનકાળ દરમિયાન સંપૂર્ણ બનેલી વાયુ સંરક્ષણ પ્રણાલીએ એક પણ મિસાઇલ કે ડ્રોનને ભારતીય ભૂમિ પર પડવા દીધું નહીં

સ્વતંત્રતા પછી પહેલી વાર ભારતે પાકિસ્તાનની અંદર ૧૦૦ કિલોમીટર અંદર બનેલા આતંકવાદી કેમ્પોનો નાશ કર્યો

ભારતે પાકિસ્તાનના ઘણા એરબેઝનો નાશ કર્યો અને તેમની વાયુસેનાની પ્રહાર કરવાની ક્ષમતાને અપંગ બનાવી દીધી

પરમાણુ યુદ્ધની ધમકી આપનારાઓએ ભારતની ત્રણેય સેનાઓની ચોકસાઈ, સંયમ અને મજબૂત ઇચ્છાશક્તિનો અહેસાસ કર્યો છે

આતંકવાદ વિરોધી અભિયાનને 'ઓપરેશન સિંદૂર' નામ આપીને, મોદીજીએ વિશ્વને સંદેશ આપ્યો કે 'સિંદૂર ભારતની સંસ્કૃતિ છે'

ભારતે પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લઈને જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના મુખ્યાલયોને જમીનદોસ્ત કરી દીધા

કમલમ્,

કેન્દ્રીય ગૃહઅને સહકારિતા મંત્રીશ્રી અમિત શાહે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ૭૦૮ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટનઅને શિલાન્યાસકર્યાઅને પોસ્ટ વિભાગના લાભ વિતરણ કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. આ પ્રસંગે પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી બન્યા પછી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતની જેમ દેશનો વિકાસ કર્યો છે અને આજે ભારત દરેક ક્ષેત્રમાં વિકસિત બનવા તરફ આગળ વધી રહ્યું છે. શ્રી અમિત શાહે કહ્યુંકે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ દેશને દરેક ક્ષેત્રમાં વિકસાવવાની સાથે તેને સુરક્ષિત રાખવામાટે પણ કામ કર્યું છે. તેમણે કહ્યું કે ૨૦૧૪માંશ્રી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રીબન્યા તે પહેલાં, દેશમાં લગભગ દરરોજ આતંકવાદી હુમલા થતા હતા. પાકિસ્તાનથી આતંકવાદીઓ આવીને આપણા સૈનિકો અને લોકોને મારી નાખતા હતા અને પછી બોમ્બ વિસ્ફોટ કરતા હતા, પરંતુ કોઈ જવાબ આપવામાંઆવતો નહતો. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે શ્રી નરેન્દ્ર મોદીના પ્રધાનમંત્રી બન્યા પછી ત્રણ મોટાઆતંકવાદી હુમલા થયા છે. ઉરીમાં પહેલો હુમલો, પુલવામામાં બીજોઅને તાજેતરમાં પહેલગામમાં ત્રીજો હુમલો પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ દ્વારા કરવામાંઆવ્યો હતો. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ દરેક હુમલાનો એટલીતાકાતથી જવાબ આપ્યો છે કે આજે આખી દુનિયા આશ્ચર્યથી જોઈ રહી છે અને પાકિસ્તાન ડરથી તેનોઅનુભવ કરી રહ્યું છે. શ્રી અમિત શાહે કહ્યું કે જ્યારે ઉરીમાં આતંકવાદી હુમલો થયોત્યારે ભારતેસર્જિકલ સ્ટ્રાઈક કરીને પ્રતીકાત્મક જવાબ આપ્યો હતો. પુલવામાહુમલાના જવાબમાં, હવાઈહુમલો કરવામાંઆવ્યો અને ચેતવણી આપવામાં આવી હતી. પાકિસ્તાન અનેઆતંકવાદીઓહજુ પણ પોતાના માર્ગે ન સુધર્યા અને તેમણે પહેલગામ પર હુમલો કર્યો, પરંતુ આ વખતે ઓપરેશન સિંદૂર હેઠળ આતંકવાદીઓના મુખ્યાલયનો નાશકરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે જ્યારે વિશ્વભરના સુરક્ષા નિષ્ણાતો ઓપરેશન સિંદૂરનું વિશ્લેષણ કરે છે, ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ જાય છે. કેન્દ્રીય ગૃહમંત્રીએકહ્યું કે ભારતે પહેલગામ આતંકવાદી હુમલાનોબદલો જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના મુખ્યાલયોને જમીનદોસ્ત કરીને લીધો હતો.

પાકિસ્તાની આતંકવાદીઓએ કાયર તાપૂર્વક અને નિર્દયતાથી આપણા નાગરિકો, પ્રવાસીઓ, નિઃશસ્ત્ર લોકોને તેમના પરિવાર અને બાળકોની સામે તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા. ભારતે પહેલગામ આતંકવાદી હુમલાનો જવાબ તેની સંસ્કૃતિ અનુસાર આપ્યો છે. શ્રીશાહે કહ્યું કે ભારતે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના મુખ્યાલયને ઉડાવીદીધાઅને બહાદુર ભારતીય સેનાએઆવા ૯ઠેકાણાઓનો નાશ કર્યો, જ્યાંઆતંકવાદીઓને તૈયાર કરવા માટે તાલીમ આપવામાં આવતી હતી. તેમણે કહ્યુંકે આપણી સેનાએ પીઓકેમાં ઘણી જગ્યાએ અને પાકિસ્તાનનીસરહદની અંદર ૧૦૦ કિલોમીટર અંદર આતંકવાદીઓને યોગ્ય જવાબ આપ્યો છે. શ્રીઅમિત શાહે કહ્યું કે આપણા બોમ્બ વિસ્ફોટોના પડઘાએ ઘણી આંતરરાષ્ટ્રીય આતંકવાદી ઘટનાઓના માસ્ટરમાઈન્ડસ અને છાવણીઓમાં છુપાયેલા આતંકવાદીઓને સ્પષ્ટ સંદેશ આપ્યો કે જો ભારતના લોકો સાથે કોઈપણ પ્રકારનું દુર્વ્યવહાર કરવામાં આવશે અને કોઈપણ આતંકવાદી ઘટના આચરવામાં આવશે, તો તેનો બમણા જોરથી જવાબ આપવામાં આવશે. ગૃહમંત્રીએ કહ્યું કે અમે ફક્ત આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. પરંતુ ૮ મેના રોજ પાકિસ્તાની સેનાએકચ્છથી કાશ્મીર અને ભારતની પશ્ચિમી સરહદો સુધી આપણા નિર્દોષ લોકો પર હુમલો કરવાની હિંમત કરી. પ્રધાનમંત્રી મોદીના શાસનકાળ દરમિયાન સંપૂર્ણ બનેલી આપણી વાયુ સંરક્ષણ પ્રણાલીએ એક પણ મિસાઈલ કે ડ્રોનને ભારતીય ભૂમિ પર પડવા દીધુંનહીં. તેમણે કહ્યું કે ભારતે ૧૦૦ થી વધુ ખતરનાક આતંકવાદીઓને ખતમ કર્યા પછી, પાકિસ્તાન કોઈપણ રીતે ભારતને નુકસાન પહોંચાડવામાં સફળ રહ્યું નથી. તેમણે કહ્યું કે જ્યારે પાકિસ્તાની સેના તેના વિશે વિચારી રહી હતી, ત્યારે ૯ મેના રોજ, ભારતના બહાદુર સૈનિકોએ ૧૫ સ્થળોએ અનેક પાકિસ્તાની એરબેઝ પર હુમલો કરવાની ભારતીય વાયુસેનાની ક્ષમતાનો નાશ કર્યો. ગૃહમંત્રીએ કહ્યું કે આજે આખી દુનિયા ભારતીય સશસ્ત્ર દળોની તાકાતને આશ્ચર્યથી જોઈ રહી છે. કેન્દ્રીય ગૃહ અનેસહકારિતા મંત્રીએ કહ્યું કે સ્વતંત્રતા પછી પહેલીવાર ભારતે પાકિસ્તાનમાં ૧૦૦ કિલોમીટર અંદરજઈને પાકિસ્તાની આતંકવાદી છાવણીઓનો નાશ કર્યો છે. તેમણે કહ્યું કે જે લોકો પરમાણુ શસ્ત્રોના નામે આપણને ડરાવતા હતા, આપણા વાયુ, જળ અને ભૂમિ દળોએ તેમને યોગ્ય જવાબ આપ્યોછે. આજેઆખું વિશ્વ આપણા દળોની ફાયરપાવરની ચોકસાઈ, તેમના સંયમ અને પ્રધાનમંત્રી મોદીની મજબૂત રાજકીય ઈચ્છાશક્તિની પ્રશંસા કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આજે આખોદેશ ભારતનાત્રણેય સશસ્ત્ર દળોના સૈનિકોને સલામ કરી રહ્યો છે. શ્રી અમિતશાહે કહ્યુંકે આપણા સશસ્ત્ર દળોની બહાદુરીએ સમગ્ર રાષ્ટ્રને ગર્વઅપાવ્યો છે. તેમણે કહ્યું કે આપણા બધા માટે ગર્વની વાત છે કે ગુજરાત અને ભારત માતાના પુત્રઆપણાનેતાશ્રી નરેન્દ્ર મોદીએ ભારત માતાનું માથું ઉંચુ કરવાનું અને દેશને સુરક્ષિત કરવાનું કાર્ય કર્યુંછે. ગૃહમંત્રીએ કહ્યું કેજ્યાંસુધી દુનિયામાં લશ્કરીકાર્યવાહીની ચર્ચા થશે, ત્યાં સુધીઓપરેશન સિંદૂરની પણ ચર્ચા થશે. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂરનું નામ ખુદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આપણી માતાઓ અને બહેનોના સન્માનમાં રાખ્યું હતું. તેમણે કહ્યું કે સિંદૂરનું સન્માન કરવું એ એક ભારતીય પરંપરા છે અને આ ઓપરેશનને સિંદૂર નામ આપીને, આ સંદેશ સમગ્ર વિશ્વને આપવામાં આવ્યો છે. તેમણે કહ્યુંકે પ્રધાનમંત્રી મોદીએ બિહારમાં જે વચન આપ્યું હતુંકે, અમે પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો ચોક્કસ લઈશું, તેમણે તેવચન પૂરું કર્યું છે.

ગાંધીનગર લોકસભા વિસ્તારમાં છેલ્લા છ વર્ષમાં રૂ. ૨૫,૦૦૦ કરોડના અનેકવિધ વિકાસકાર્યો હાથ ધરાયા: કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ

ભારતમાં આંતરિક સુરક્ષાની જવાબદારી સાથે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગરના નાગરિકોની સુખાકારીને પણ એટલું જ પ્રાધાન્ય આપ્યું: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રીઅને ગાંધીનગર લોકસભાના સાંસદ શ્રી અમિત શાહે ગાંધીનગર મહાનગરપાલિકા, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (GUDA) તેમજગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના કુલ રૂ. ૭૦૮ કરોડના વિવિધવિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. ગાંધીનગરના કોલવડાખાતે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગૃહ રાજ્યમંત્રી શ્રીહર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતનાં મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતમાં વિકાસનો યજ્ઞશરૂ કર્યોહતો. ગુજરાતનાં આ વિકાસ યજ્ઞની તર્જ પર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીદેશના વિકાસકામો કરી રહ્યાછે. વડાપ્રધાનશ્રીએ વિકાસની સાથે ભારતનેતમામ ક્ષેત્રે સુરક્ષિત બનાવવાનું કામપણ કર્યું છે. તેમનામાર્ગદર્શન હેઠળ ભવિષ્યમાં પણ ભારતનું સુરક્ષાચક્ર વધુ મજબૂત અનેઅભેદ રહેશે, તેમ તેમણે ઉમેર્યું હતું. ગાંધીનગરમાંહાથ ધરાયેલા વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું હતું કે, ગાંધીનગર લોકસભા વિસ્તારના નાગરિકોની સુવિધામાં વધારો કરવાના હેતુ સાથે છેલ્લા ૬ વર્ષમાં અંદાજે રૂ. ૨૫,૦૦૦ કરોડના અનેકવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. માત્ર ગાંધીનગર ઉત્તર વિધાનસભામાંજ રૂ. ૪,૨૬૦ કરોડના વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા તે પહેલા પાકિસ્તાન પ્રેરિત અનેક આતંકવાદી હુમલાઓમાં ભારતના જવાનો અને નાગરિકો ભોગબનતા હતા, પરંતુ તેની સામે કોઈ જવાબ આપવામાં આવતો ન હતો. વર્ષ ૨૦૧૪બાદ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતીય સેનાએ ભારતમાં થયેલા પાકિસ્તાન પ્રેરિત ઉરી, પુલવામા અને પહેલગાવના આતંકવાદી હુમલાનો સર્જીકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક અને ઓપરેશન સિંદૂરથી જડબાતોડ જવાબ આપ્યો છે. તાજેતરમાંઓપરેશના સિંદૂર હેઠળ ભારતીય સેનાએ લશ્કરએ તોયબા અને જૈશ એ મહોમ્મદ જેવા કુખ્યાત આતંકી સંગઠનોના ૯જેટલાઆતંકવાદી કેમ્પ-વડામથકને ધ્વંસ કરીને નેસ્તનાબૂદ કર્યા હતા. ઓપરેશન સિંદૂરે ભારત જ નહીં, પરંતુસુરક્ષા ક્ષેત્રેવિશ્લેષણ કરતાં વિશ્વના સુરક્ષા તજજ્ઞનોને પણ અચંબિત કર્યાછે. શ્રી શાહેકહ્યું હતુંકે, ભારતીય સેના અને વડાપ્રધાનશ્રી મોદીજીના નેતૃત્વમાંઓપરેશન સિંદુર હેઠળ પ્રથમ વાર પાકિસ્તાનની અંદર ૧૦૦ કિલોમીટર સુધી એર સ્ટ્રાઈક કરીને બહાવલપૂર અને સિયાલ કોટ જેવા ૯ કેમ્પને તેમજ ૧૫ જેટલા એર બેઝને નેસ્ત નાબૂદ કરીને ભારતે વિશ્વને પોતાની સૈન્ય ક્ષમતાનો સ્પષ્ટ સંકેત આપી દીધો છે. વડાપ્રધાનશ્રીએ બિહારની સભામાં જનતાને આપેલું વચન ઓપરેશન સિંદૂર થકીપૂર્ણ કર્યું છે. આ હુમલામાં ૧૦૦થી વધુ આતંકવાદીઓને મિટ્ટીમાં મિલાવી દીધા છે. પાકિસ્તાન દ્વારા ભારત પર કરાયેલા ડ્રોન અને મિસાઈલ હુમલાને ભારતની એર ડિફેન્સ સિસ્ટમે હવામાં જ તોડી પડ્યો હતો. ભારતના અદ્યતન એર ડિફેન્સ સામે પાકિસ્તાનનું ટકવું શક્ય નથી. તેમણે કહ્યું હતું કે, જ્યારે જ્યારે પણ વિશ્વમાં મિલીટરી ઓપરેશનોને યાદ કરવામાં આવશે ત્યારે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતીય નારીના સન્માનમાં અપાયેલ નામ 'ઓપરેશન સિંદૂર'ની સફળતાની ચર્ચાઓ ચોક્કસપણે થશે. આતંકવાદીઓ ભારત પર હુમલો કરવાનો દુ:સાહસ કરવાનોપ્રયાસ કરશે, તો ભારતતેનો બમણી તાકાતથી જવાબ આપશે. પાકિસ્તાન દ્વારા પરમાણુ બોમ્બનીધમકીનો ભારતીયવાયુ, જલ અને થલસેનાએ ઈંટનો જવાબ પત્થરથી આપ્યો છે, તે બદલ હું ગાંધીનગરની જનતાવતી ભારતીય સેના અને વડાપ્રધાનશ્રીને અભિનંદન આપીને આભાર વ્યક્તકરું છું.

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બદલ સમગ્ર ગુજરાત વતી ભારતીય સેનાના વીર જવાનોને તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યાહતા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતની આંતરિક સુરક્ષા-સલામતી સહિતની મોટી જવાબદારી નિભાવવા સાથે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે પોતાના સંસદીય મત વિસ્તાર નાગરિકોની સુખાકારીને પણ એટલું જ પ્રાધાન્ય આપ્યુ છે. ગાંધીનગર વિસ્તારના દરેક નાગરિક જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવાની તેમની નેમ છે. વધી રહેલા શહેરીકરણ વચ્ચે પર્યાવરણની જાળવણી સાથે નગરજનોને શહેરોમાં પરિવહન, રોજગાર, આવાસ અને તમામ માળખાકીય સુવિધાઓ વિકસાવવાનો રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ છે. વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. એટલામાટે જ, ગાંધીનગરમાંભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતોને ધ્યાને રાખીને જનસુખાકારીના વિવિધ આયોજન હાથ ધરવામાં આવીરહ્યા છે. તાજેતરમાં જ ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ વિસ્તારોને ડ્રેનેજ વોટર ટ્રીટમેન્ટ અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી રૂ. ૭૭૧ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી હતી, પરિણામે ગાંધીનગરના નાગરિકોની સુવિધામાંવધારો થશે, તેમ તેમણેઉમેર્યું હતું. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી વિઝનના પરિણામે ગાંધીનગર શહેરમાં NFSU, GNLU, PDEU, NID, IIT અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી જેવી ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત થઈ છેઅને ગાંધીનગર શહેર એજ્યુકેશન હબ તરીકે ઉભરી આવ્યું છે. વિકસિતભારત @2047ના નિર્માણ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સંકલ્પોનો મુખ્યમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યોહતો. સાથે જ, તેમણે વિકાસની ગતિ-પ્રગતિ સાથે ગુજરાતને વર્ષ ૨૦૪૭માં "પર્યાવરણ પ્રિય ગુજરાત" બનાવવાનીહાકલ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ પાણી અને પર્યાવરણનીજાળવણીમાટે કેચ ધ રેઈન, એક પેડ માં કે નામ, સ્વચ્છતા-સ્વસ્થતા અંગે જાગૃતિ કેળવવા, વોકલ ફોર લોકલથી સ્થાનિક વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપવા, દેશના પ્રવાસનને વેગ આપવા, ગરીબોને મદદ કરવા જેવા જનહિતના સંકલ્પોને ખરા અર્થમાં સાકાર કરવાની દિશામાં સૌને સહકાર આપવા અનુરોધ કર્યો હતો. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલે કાર્યક્રમના પ્રારંભે સૌનું શાબ્દિક કરતા જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ આજે ગાંધીનગર શહેર આજે વિકાસની હરણફાળ ભરીરહ્યું છે. ગાંધીનગરના બગીચા, રોડ રસ્તા, આરોગ્ય કેન્દ્ર, તળાવ, શાળા, પમ્પિંગ સ્ટેશન, યોગસ્ટૂડિયો જેવાઅનેક વિકાસ કાર્યોની હારમાળાપણ તેમના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં સફળતામળી છે. ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બદલ દેશના વીર જવાનોને અભિનંદન આપી, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યુંહતું કે, ગાંધીનગર જિલ્લામાં વાવોલ તથા પેથાપુરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ થતાં વાવોલ અને પેથાપુર આસપાસના અંદાજે ૯થી વધુ ગામના નાગરિકોને સુદ્રઢ આરોગ્ય સુવિધાઓ નજીકમાં જ ઉપલબ્ધ થશે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે કાર્યક્રમ દરમિયાન વિકાસ કાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્ત ઉપરાંતગાંધીનગર પોસ્ટ ડિવિઝન હેઠળ ભારતીય પોસ્ટલ વિભાગની વિવિધ યોજનાના લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કોલવડાખાતેઉમટેલી જનમેદનીએ ભારત માતાના જયઘોષ અને ત્રિરંગા સાથે સર્વે મહાનુભાવોનું ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોર ઉપરાંતગાંધીનગર મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્રના વિવિધ હોદ્દેદારો, ઉચ્ચ અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં નગરજનો આ કાર્યક્રમમાંઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

દેશના વડાપ્રધાનશ્રીનરેન્દ્રભાઈ મોદીએ મન કી બાત કાર્યક્રમમાં મેદસ્વિતા ઘટાડવા ઉપર ભાર મુકી લોકોને સ્વસ્થ અને તંદુરસ્ત શૈલી જીવવા માટે આહવાન કરતા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સમગ્ર રાજ્યમાં ‘‘સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત’’ અભિયાનની શરૂઆતકરાવી હતી. મેદસ્વિતાને કારણે હાઈબ્લડપ્રેશર, હાર્ટ એટેક, ડાયાબીટીસ અને કિડની સહિતની બીમારી શરીરમાં ઘર કરી જતી હોય છે. હાઈબ્લડ પ્રેશરને સામાન્ય રીતે હાયપરટેન્શન તરીકે પણ ઓળખવામાંઆવે છે. આધુનિકરણના આયુગમાં હાયપરટેન્શનનું પ્રમાણ લોકોમાં વધીરહ્યું હોવાથી તેના પ્રત્યે જનજાગૃતિ લાવવા માટે દર વર્ષે તા. ૧૭મે ના રોજ વિશ્વહાયપરટેન્શન દિવસની ઉજવણી કરવામાં આવે છે.ત્યારે આજના આ સ્પેશિયલ દિવસે હાયપરટેન્શન કેટલા પ્રકારના હોય છે? તેનાથી બચવાના ઉપાયો શુ છે? હાયપર ટેન્શનની સારવાર કયારે અને કેવી રીતે લેવી? રૂલ ઓફ ફિફટી ફિફટી શું છે અને વર્ષ ૨૦૨૫ની થીમ શું તેના વિશે આજના આ ખાસ લેખમાં માહિતી મેળવી પોતે પણ જાગૃત થઈશુ અને બીજાને પણ જાગૃત કરીશું. બદલાતા જતા ઝડપી જમાના સાથે હાયપર ટેન્સન (હાઈબ્લડ પ્રેશર)ની સમસ્યા ખૂબ જ સામાન્ય બની ગઈ છે. હવે આ ફક્ત વધતી ઉંમર સાથે થતી સમસ્યા નથી રહી પરંતુ ૨૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો પણ તેનો ભોગ બની રહ્યા છે. આ વધતી જતી સમસ્યા વિશે લોકોને જાગૃત કરવા અને તેના નિવારણ વિશે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે આ દિવસ ઉજવવામાં આવે છે. કાર્ડિયોલોજિસ્ટના મતે હાયપર ટેન્શન એક એવી સ્થિતિ છે જેમાં ધમનીઓમાં રક્તનું દાબ 140/90 mmHg કરતાં વધારે હોય છે. આ બિમારી સામાન્ય રીતે કોઈ ખાસ લક્ષણો દેખાડતી નથી, પરંતુ લાંબા ગાળે તે હૃદયરોગ, સ્ટ્રોક અને કિડનીના રોગનું કારણ બની શકે છે. તેથી જ આને ’મૌન ઘાતક’ તરીકે ઓળખવામાં આવે છે. ક્યારેક દર્દીમાં સામાન્ય લક્ષણ તરીકે માથાનો દુખાવો, ચક્કર આવવા, શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુખાવો જોવા મળી શકે છે. હાયપર ટેન્શન બે પ્રકારના હોય છે. વ્હાઈટ કોટ હાયપર ટેન્શન અને માસ્કડ હાયપર ટેન્શન. ઘણીવાર દર્દીને ખાલી દવાખાનામાંજ બ્લડપ્રેશરનું પ્રમાણ વધુ આવે છે, ત્યારે એને વ્હાઈટ કોટ હાઈપર ટેન્શન કહેવાય છે. ક્યારેક દર્દીને હાયપર ટેન્શનની તકલીફ હોવા છતાં દવાખાનામાં બ્લડપ્રેશરનું પ્રમાણ સામાન્ય આવે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીના નોર્થ બ્લૉક ખાતે નવા મલ્ટી એજન્સી સેન્ટર (MAC)નું ઉદ્ઘાટન કર્યું

ઓપરેશન સિંદૂર, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની દ્રઢ રાજકીય ઇચ્છાશક્તિ, ગુપ્તચર એજન્સીઓની સચોટ માહિતી અને આપણા ત્રણેય સશસ્ત્ર દળોની અચૂક પ્રહાર ક્ષમતાનું અનોખું પ્રતીક છે

નવું MAC બધી એજન્સીઓના પ્રયાસોને એકીકૃત કરશે અને જટિલ અને એકબીજા સાથે જોડાયેલા વર્તમાન રાષ્ટ્રીય સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે એક સીમલેસ અને સંકલિત પ્લેટફોર્મ પૂરું પાડશે

છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કરેગટ્ટુલુ હિલ્સ (KGH) માં હાથ ધરવામાં આવેલા ઐતિહાસિક નક્સલ વિરોધી ઓપરેશનો આપણા સુરક્ષા દળો વચ્ચે ઉત્તમ સંકલન દર્શાવે છે

ભારતને તેના ત્રણ સશસ્ત્ર દળો, સરહદ સુરક્ષા દળ અને તમામ સુરક્ષા એજન્સીઓ પર ગર્વ છે

નવું નેટવર્ક આતંકવાદ, ઉગ્રવાદ, સંગઠિત અપરાધ અને સાયબર હુમલા જેવા ગંભીર જોખમોનો સામનો કરવા માટે દેશના પ્રયાસોને મજબૂત બનાવશે

કમલમ્,

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવીદિલ્હીનાનોર્થ બ્લોક ખાતે નવા મલ્ટી એજન્સીસેન્ટર (MAC) નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે ઓપરેશન સિંદૂર એ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની દ્રઢ રાજકીયઈચ્છાશક્તિ, ગુપ્તચર એજન્સીઓની સચોટ માહિતી અને આપણા ત્રણેય સશસ્ત્ર દળોની અચૂક પ્રહાર ક્ષમતાનું અનોખું પ્રતીક છે. તેમણે કહ્યું કે ભારતને તેના ત્રણ સશસ્ત્ર દળો, સરહદ સુરક્ષા દળ અને તમામ સુરક્ષા એજન્સીઓ પર ગર્વ છે. કરેંગટ્ટુલુ હિલ્સ (KGH) માં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF) દ્વારા હાથ ધરવામાં આવેલા ઐતિહાસિક નક્સલ વિરોધી ઓપરેશન્સ વિશે બોલતા, કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે નક્સલવાદીઓ સામેના આ ઐતિહાસિક ઓપરેશન્સ આપણા સુરક્ષા દળો વચ્ચે ઉત્તમ સંકલન દર્શાવે છે. શ્રી શાહે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન પણ આવું જ સંકલન જોવા મળ્યું હતું, જે દર્શાવે છે કે કાર્ય હાથ ધરવા માટે આપણી ગુપ્તચર એજન્સીઓ અને ત્રણેય સશસ્ત્ર દળોની પ્રક્રિયા અને વિચારસરણીમાં ખૂબ જ સારું સંકલન છે.

સાયબર હુમલા જેવા ગંભીર જોખમોનો સામનો કરવા માટે દેશના પ્રયાસોને મજબૂત બનાવશે. શ્રી અમિત શાહે નવા સ્છઝ નેટવર્કની પ્રશંસા કરી અને રેકોર્ડ સમયમાં હાર્ડવેર અને સોફ્ટવેર સંબંધિત કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે તેમાં MAC અને GIS સેવાઓ સાથે વિશાળ ડેટાબેઝની સંભાવનાનો ઉપયોગ કરવા માટે એમ્બેડેડ AI/ML તકનીકો જેવી ભવિષ્યવાદી ક્ષમતાઓનો સમાવેશ થાય છે. તેમણે નવા MAC સાથે ઉપલબ્ધ કરાયેલા અદ્યતન ડેટા એનાલિટિક્સના લાભ માટે આ પ્લેટફોર્મ પર વિવિધ કેન્દ્રીય એજન્સીઓ સાથે વિવિધ સિલોમાં રાખવામાં આવેલા અન્ય મહત્વપૂર્ણ ડેટાબેઝને એકીકૃત કરવાની જરૂરિયાત પર ભાર મૂકીને ભવિષ્યનો રોડમેપ પણ મૂક્યો હતો. શ્રી શાહે કહ્યું કે આ નવું નેટવર્ક સ્છઝ નેટવર્ક પર જનરેટ થયેલા ડેટા એનાલિટિક્સની ગુણવત્તાને ઉચ્ચ સ્તર સુધી વધારવાની અપેક્ષા રાખે છે, જે સચોટ ટ્રેન્ડ વિશ્લેષણ, હોટસ્પોટ મેપિંગ અને સમયરેખા વિશ્લેષણને આગાહી અને કાર્યકારી પરિણામો આપવા માટે સક્ષમ બનાવે છે. નવું MAC સંગઠિત ગુના સાથે જટિલ જોડાણો ધરાવતા આતંકવાદી ઈકોસિસ્ટમનો સામનો કરવામાં ખૂબ મદદ કરશે. ભારતના અગ્રણી ઈન્ટેલિજન્સ ફ્યુઝન સેન્ટર તરીકે, મલ્ટી એજન્સી સેન્ટર (MAC) 2001થી અસ્તિત્વમાં છે અને કેન્દ્રીય ગૃહમંત્રી MACના ટેકનોલોજીકલ અપગ્રેડેશન માટે સતત સક્રિયપણે માર્ગદર્શન આપી રહ્યા છે. ઈન્ટેલિજન્સ બ્યૂરો સાથે સ્થિત, નવા MAC એ તમામ ઈન્ટેલિજન્સ, સુરક્ષા, કાયદા અમલીકરણ અને તપાસ એજન્સીઓને જોડ્યા છે. ૫૦૦ કરોડથી વધુના ખર્ચે અમલમાં મુકાયેલા, નવા MAC નેટવર્કમાં ગુણાત્મક અને માત્રાત્મક બંને પરિવર્તન આવ્યું છે. દેશની લંબાઈ અને પહોળાઈમાં ફેલાયેલા નવા MAC નેટવર્કે દેશના ટાપુપ્રદેશો, બળવાખોરીથી પ્રભાવિત વિસ્તારો અને પર્વતીય ઊંચાઈવાળા ભૂપ્રદેશને ઝડપી અને સ્વતંત્ર સુરક્ષિત નેટવર્ક સાથે દૂરના વિસ્તારોમાં જિલ્લા SP ના સ્તર સુધી છેલ્લા માઈલ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરી છે.

વ્યારા શહેર ખાતે તાપી જીલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા નીકળી

કમલમ્,રાકેશ વાળા

એકતા, શૌર્ય અને ગૌરવનું પ્રતિક "ઓપરેશન સિંદૂર" દેશની સુરક્ષા અને અખંડતા માટે દેશના વીર જવાનો ના સન્માનમાં વ્યારા શહેર ખાતે તાપી જીલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા નીકળી હતી. ભારત ના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આતંકવાદને નેસ્તનાબૂદ કરવાની પ્રબળ કટિબદ્ધતા સાથે ભારતીય સેનાના શૂરવીરો ધ્વારા હાથ ધરાયેલા "ઓપરેશન સિંદૂર" દેશની સુરક્ષા અને અખંડતા માટે એક ઐતિહાસિક પગલું છે. આ અવસરે માજી સૈનીક સંગઠન તથા કર્તવ્ય વીર જવાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સૌને જાહેર નિમંત્રણ આપી સૌ દેશભકતો આ યાત્રામાં જોડાવા આહ્વાન કરવામાં આવ્યું હતું, ત્યારે આજ રોજ વ્યારા શહેરમાં તાપી જીલ્લા કક્ષાની "ભવ્ય તિરંગા યાત્રા" નું આયોજન કરી ૧૧૦૦ ફુટલાંબો ભારતનો તિરંગો, ૪૦૦ થી વધુ તિરંગા ઝંડા, ૨૫૦ જેટલા પ્લે કાર્ડ તથા ભારત માતાના જય ઘોષ સાથે દેશભક્તિમય માહોલમાં સમગ્ર વ્યારા નગર ગુંજી ઉઠ્યુ હતું, ગુજરાત રાજ્ય કક્ષાના મંત્રી કુંવરજીભાઈ હળપતિ, તાપી જીલ્લા પ્રભારી મધુભાઈ કથિરીયા, તાપી જીલ્લા પ્રમુખ સુરજભાઈ વસાવા, બારડોલી લોકસભાના સાંસદ પ્રભુભાઈ વસાવા, મહુવાવિધાનસભાનાધારાસભ્યમોહનભાઈ ઢોડીયા, વ્યારા વિધાનસભા ધારાસભ્ય મોહનભાઈ કોંકણી, નિઝર વિધાનસભા ધારાસભ્ય ડો. જયરામભાઈ ગામીત, તાપી જીલ્લા ભાજપા મહામંત્રી રાકેશભાઈ કાચવાલા અને નિલેશભાઈ ચૌધરી, જીલ્લાના તમામ પદાધિકારીઓ, તમામ મંડલના હોદેદારો, નગર પાલિકાના તથા જીલ્લા તાલુકા પંચાયતના તમામ ચૂંટાયેલા સભ્યો, તમામ કાર્યકર્તા ભાઈઓ - બહેનો અને યુવામિત્રો, તથા નગરજનો રાષ્ટ્રભાવના સાથે વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા. વ્યારા નગરના ઝંડા ચોક ખાતેથી આ તિરંગા યાત્રા નીકળી, સુરતી બજાર થઈ, મેઈન બજારથી, જૂના બસ સ્ટેન્ડ પહોંચી હતી, અને સમગ્ર યાત્રાનું સયાજી મેદાન ખાતે સમાપન થયું હતું.

‘મિશન સિંદૂર - એક રક્તદાન, દેશ કે નામ’ અભિયાન અંતર્ગત માંડલ ખાતે રક્તદાન શિબિર યોજાઈ

માંડલ તાલુકા વહિવટી તંત્ર, જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે કરાયું આયોજન

કમલમ્,

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ’મિશન સિંદૂર - એક રક્તદાન, દેશ કે નામ’ અભિયાન અંતર્ગત યોજવામાં આવેલી રક્તદાન શિબિરમાં તાલુકાઓ પણ ઉત્સાહભેર સહભાગી થઈ રહ્યા છે. અમદાવાદના માંડલ તાલુકામાં સ્વામીજી આશ્રમ ખાતે તાલુકા વહીવટી તંત્ર, જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશસેવાના આ કાર્યમાં તાલુકા વહીવટી તંત્રના કર્મીઓ અને નાગરિકોએ ઉત્સાહભેર ભાગ થઈને રક્તદાનની પવિત્ર ફરજ અદા કરી હતી. રક્તદાન શિબિરમાં તાલુકા પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ, વહીવટી પાંખના વડા તથા સભ્યો, પોલીસ કર્મીઓ સહિત તાલુકાના રક્તદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડાભી ગામની દેશભક્તિને મહેસાણા સાંસદે બિરદાવી

કમલમ્,

ડાભી ગામ ખાતે વીર જવાન સન્માન કાર્યક્રમ યોજાયો. સૈન્યમાં ફરજ બજાવતા ૧૮ જવાનોના પરિવારનું સન્માન કરાયું. ડાભી ગામના ૧૮ જેટલા સૈનિકો હાલમાં ફરજ બજાવી રહ્યા છે અને ૨૨ નિવૃત સૈનિકો છે એમ કરીને ગામમાં કુલ ૪૦ જેટલા સૈનિકોએ દેશ માટે સેવાઅર્પણ કરી છે. ઊંઝા તાલુકાના ડાભી ગામના ૧૮ જવાન ભારતીય સેનામાં ફરજ બજાવી રહ્યા છે.ઓપરેશન સિંદૂરની સફળતા માટે સેનાની બહાદુરીના જેટલા વખાણ કરીએ તેટલા ઓછા છે.ત્યારે ૫૦૦૦ની વસ્તી ધરાવતું ડાભી ગામ સમગ્ર ગુજરાત માટે ગૌરવપૂર્ણ બન્યું છે. આ ગામના ૧૮ જેટલા યુવાનો દેશના સૈન્યમાં વિવિધ સ્થળે વર્તમાન સમયમાં ફરજ બજાવી રહ્યા છે. તો ગામમાં નિવૃત્ત અંદાજિત ૨૨ જેટલા આર્મી જવાનો છે એમ કરીને ગામના કુલ ૪૦ જેટલા જવાનો ભોમની રક્ષા કાજે તત્પર છે. માં ભોમ રક્ષા કરતા ગામના વીર જવાન અને તેમના પરિવારને સન્માનિત કરવામાં આવ્યા હતા. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ઊંઝા તાલુકાના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં મહેસાણા સાંસદ હરિભાઈ પટેલ ઊંઝા ધારાસભ્ય કિરીટભાઈ પટેલ સહિત અગ્રણીઓએ ઉપસ્થિત રહી ૧૮ જેટલા સૈનિકોના પરિવારજનોનું તેમજ ૧૧ નિવૃત્ત સૈનિકોનું સન્માન કરી મા ભોમની રક્ષા કાજે તત્પર આ ગામની વીરતાને બિરદાવી હતી. ઊંઝા તાલુકાના ડાભી ગામની વીરતા ઓપરેશન સિંદૂર પછી સમગ્ર ગુજરાતમાં ગુંજતી થઈ છે.મહદ અંશે બક્ષીપંચની વસ્તી ધરાવતા આ ગામનું દેશ સેવામાં ખૂબ મોટું યોગદાન છે. લગભગ ૫૦૦૦ ની વસ્તી ધરાવતા ગામમાં અંદાજિત ૨૨ જેટલા નિવૃત્ત આર્મી જવાનો છે. તો હાલમાં ૧૮ જેટલા આર્મી જવાન સૈન્યમાં ફરજ બજાવી રહ્યા છે,તો એક પરિવારની પુત્રવધુ સહિત બે દીકરા સેનામાં ફરજ બજાવી દેશ સેવા કરી રહ્યા છે. આ ગામના ૧૮ યુવાન દેશની સરહદની રક્ષા કરી રહ્યા છે.ગામના આ ૧૮ સૈનિકોની વીરતાની ઓપરેશન સિંદૂર વચ્ચે ચોતરફ પ્રશંસા થઈ રહી છે. આ ગામનો પ્રત્યેક યુવાન દેશની સેનામાં જોડાઈને દેશ સેવા કરવા માટે આતુર છે. ત્યારે ગામની આ દેશભક્તિને બિરદાવા માટે આજે ડાભી ગામ ખાતે વીર જવાનોના સન્માનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં મહેસાણા સાંસદ હરિભાઈ પટેલ, ઊંઝા ધારાસભ્ય કિરીટભાઈ પટેલ ઊંઝા તાલુકા પંચાયત પ્રમુખ નિલેશભાઈ પટેલ ઊંઝા તાલુકા ભાજપ પ્રમુખ હર્ષદભાઈ પટેલ,અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંગ ગુજરાત પ્રાંત પૂર્વ ઉપાધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ, પ્રાંત કોષાધ્યક્ષ ચિરાગભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી અલ્પેશભાઈ લિંબાચિયા, કારોબારી સભ્ય રાજુભાઈ ચૌધરી, ઊંઝા તાલુકા કોષાધ્યક્ષ રાજુભાઈ દરજી, સંવર્ગ અધ્યક્ષ વિપુલભાઈ પટેલ, સંગઠન મંત્રી યોગેશભાઈ પટેલ ડાભી પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ તથા ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં દેશ સેવા કરતા ૧૮ જેટલા આર્મી જવાનોના પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું તો ૧૧ જેટલા નિવૃત્ત સૈનિકોનુ પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ હરિભાઈ પટેલે આર્મી જવાનોના પરિવારના સન્માન બાદ ગામના નાગરિકોને ઓપરેશન સિંદૂર ની શુભકામનાઓ પાઠવી હતી.

આ અંગે સાંસદ હરિભાઈ પટેલે કહ્યું કે, ઊંઝા તાલુકાનું ડાભી ગામ સમગ્ર મહેસાણા જિલ્લા માટે પ્રેરણા રૂપ ગામ બન્યું છે. આ ગામના યુવાનો દેશ સેવા માટે આતુર છે. અને મોટી સંખ્યામાં ગામના યુવાનો સૈન્યમાં ફરજ બજાવતા હોવા છતાં હજુ પણ ગામનો પ્રત્યેક યુવાન આર્મીમાં જોડાવા માટે મહેનત કરી રહ્યો છે. ત્યારે આજે આ ગામના યુવાનોની દેશ દાઝને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી

“આહાર એ જ ઔષધ” ના મંત્રને સાકાર કરતા “પોષણ ઉત્સવ” થકી બાળકો, કિશોરીઓ અને માતાઓના આરોગ્ય અને પોષણમાં સુધારો કરવાની ગુજરાતની કામગીરી અન્ય રાજ્ય માટે માર્ગદર્શક: મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા

સ્વસ્થ સમાજના નિર્માણ માટે બાળકો, કિશોરીઓ તથા મહિલાઓને પોષણક્ષમ આહાર આપવા રાજ્ય સરકારનો નિર્ધાર

પોષણ આહારને પ્રદર્શિત કરતી પૌષ્ટિક વાનગીઓ રજૂ કરાઈ

કમલમ્,

રાજ્ય સરકારદ્વારા ‘પોષણ અભિયાન’ હેઠળ સ્વસ્થ અને સમૃદ્ધ સમાજના નિર્માણ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજ રોજ ગાંધીનગર ખાતે અમદાવાદ ઝોન કક્ષાનો પોષણ ઉત્સવ-૨૦૨૪ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના દરેક નાગરિક, ખાસ કરીને બાળકો, સગર્ભા માતાઓ અને કિશોરીઓના પોષણને સુનિશ્ચિત કરવા માટે નવીન અને પરિણામલક્ષી પગલાં લેવામાં આવી રહ્યાં છે. પોષણ અભિયાન માત્ર આરોગ્યલક્ષી નહીં, પરંતુ ગુજરાતની ભાવિ પેઢીને સશક્ત બનાવવાનું એક અભૂતપૂર્વ પગલું છે. સમાજના દરેક વર્ગ સુધી પોષણની પહોંચ સુનિશ્ચિત કરી, ગુજરાત સરકારે આ ક્ષેત્રે દેશભરમાં એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતે ‘‘આહાર એ જ ઔષધ’’ એ મંત્રને સાકાર કરતા ‘‘પોષણ ઉત્સવ’’ થકી બાળકો, કિશોરીઓ અને માતાઓના આરોગ્ય અને પોષણમાં સુધારો કરવા માટે નોંધનીય કામગીરી કરી સમગ્ર દેશ માટે ઉદાહરણ પુરૂ પાડ્યું છે. આ ઉત્સવ થકી વધુ ને વધુ લોકોને પોષણ યજ્ઞમાં જોડાવા અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતની સંકલ્પનાને પૂર્ણ કરવા ભાગીદાર થવા આહ્વાન કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના "સહી પોષણ દેશ રોશન’’ના આહવાનને ચરિતાર્થ કરવા રાજ્ય સરકારે પોષણલક્ષી અનેક નવતર આયામો હાથ ધર્યા છે. પોષણ ઉત્સવ અંતર્ગત પોષણક્ષમ આહાર તથા આરોગ્યપ્રદ ભારતના નિર્માણ તરફ સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. પોષણ ઉત્સવ થકી વિવિધ થીમ અંતર્ગત પોષણ પ્રત્યે જાગૃતિ લાવવા પોષણ આહારને પ્રદર્શિત કરતી પૌષ્ટીક વાનગીઓ રજૂ કરાઈ હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને મહિલા બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં કુપોષણને નાથવા, બાળકો અને મહિલાઓના પોષણમાં સુધારો કરવાના હેતુથી અનેકવિધ નવતર પહેલો હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં જ પોષણ પખવાડીયા ૨૦૨૫ અંતર્ગત રાજ્યભરમાં કુલ ૪૦.૮૩ લાખથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ કરાઈ હતી. જે સુપોષિત ભારત તરફ વિશાળ જનસમુદાયને સંવેદનશીલ બનાવવામાં ફાળો આપે છે.પોષણ ઉત્સવ માત્ર એક ઉજવણી નથી, પણ દરેક નાગરિકોને પોતાના જીવનમાં પોષણને કેન્દ્રસ્થાને લાવવાનો સંકલ્પ છે. શારીરિક રીતે તંદુરસ્ત અને માનસિક રીતે સક્રિય પેઢી માટે યોગ્ય પોષણ ફરજિયાત છે. આવો, આપણે સૌ મળીને પોષણ માહને સફળ બનાવીએ અને ‘‘સુસ્ત જીવન શૈલી નહીં, સદા પોષણ’’ તરફ એક મજબૂત પગલું ભરીએ.આ કાર્યક્રમમાં મેયરશ્રી મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, મહિલા અને બાળ સમિતીના ચેરમેનશ્રી હેમાબેન ભટ્ટ, મહિલા અને બાળ વિકાસ વિભાગ કમિશનર-વ-સચિવશ્રી રાકેશ શંકર, મહિલા અને બાળ વિકાસ વિભાગ આઈસીડીએસ કમિશનર ડો. રણજીતકુમાર સિંહ, સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ, આંગણવાડી કાર્યકરો, મુખ્યસેવિકા, વાલીઓ, કિશોરીઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

સુરક્ષા માટે સજ્જ શહેર પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી જી. એસ. મલિકે શહેરની ચાંદખેડા, રાણીપ, ગાયકવાડ હવેલી અને એલિસબ્રિજ પોલીસ લાઈનના સમર કેમ્પની મુલાકાત કરી

પોલીસ પરિવારના વેલ્ફરને લક્ષ્યમાં રાખીને શહેર પોલીસ પરિવારના બાળકો માટે છેલ્લા બે વર્ષથી 'સમર કેમ્પ'નું આયોજન




કમલમ્,

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી જી. એસ. મલિકે અમદાવાદ શહેરની ચાંદખેડા, રાણીપ, ગાયકવાડ હવેલી અને એલિસબ્રિજ પોલીસ લાઈનના સમર કેમ્પની મુલાકાત કરી આ કેમ્પમાં બાળકોની પ્રવૃત્તિઓ નિહાળી હતી. અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ પોલીસ પરિવારના વેલ્ફરને લક્ષ્યમાં રાખીને શહેર પોલીસ પરિવારના બાળકો માટે છેલ્લા બે વર્ષથી ઉનાળાના વેકેશનમાં વોકેશનલ ટ્રેનિંગ એટલે કે, 'સમર કેમ્પ'નું આયોજન કરવામાં આવે છે. આ ઉનાળા વેકેશન દરમિયાન અમદાવાદ શહેરની વિવિધ પોલીસ લાઈનમાં ૧૪ જેટલા સમર કેમ્પને સવારના ૦૭:૦૦ વાગ્યાથી ૧૦:૩૦વાગ્યા સુધી યોજવામાં આવે છે. અમદાવાદ શહેરની તમામ પોલીસ લાઈનો જેમાં દેવજીપુરા પોલીસ લાઈન, એલીસબ્રીજ પોલીસ લાઈન, માધવપુરા પોલીસ લાઈન, અમરાઈવાડી પોલીસ લાઈન, દાણીલીમડા પોલીસ લાઈન, ગોમતીપુર પોલીસ લાઈન, ગાયકવાડ હવેલી પોલીસ લાઈન, રાણીપ પોલીસ લાઈન, મણિનગર પોલીસ લાઈન, વટવા પોલીસ લાઈન, ઓઢવ પોલીસ લાઈન, નરોડા પોલીસ લાઈન, બાપુનગર પોલીસ લાઈન, ઈસનપુર પોલીસ લાઈન તથા પોલીસ મુખ્ય મથક ખાતે આ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ સમર કેમ્પમાં પોલીસ લાઈન ખાતે બાળકો માટે સેલ્ફ ડીફેન્સ, માર્શલ આર્ટ્સ, જીમ્નેસ્ટીક, ડ્રોઈંગ, યોગા, ફનીગેમ, દોડ, ડક વોક, ડાન્સ, પેપર ક્રાફ્ટ, ચેસ, કેન્વાસ પેઈન્ટીંગ, પેઈન્ટીંગ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, સંગીત, કીચેઈન મેકીંગ, કેલીગ્રાફ, કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન, બાળકો માટેના વિજ્ઞાન પ્રયોગો, ગ્લાસ પેઈન્ટીંગ, ગ્રીટીંગ કાર્ડ, હોમ મેડીટેશન, નેઈલ આર્ટ, બેડમીન્ટન, ટેબલ ટેનીસ જેવી પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. આ વોકેશનલ ટ્રેનીંગ એટલે કે સમર કેમ્પ અંતર્ગત થનાર ખર્ચ પોલીસ વેલ્ફેર ફંડમાથી ચુકવવામાં આવે છે. આ સમર કેમ્પનો મુખ્ય હેતુ બાળકોનો શૈક્ષણિક, રમતગમત તથા સાંસ્કૃતિક વિકાસ કરવાનો છે. આ સમર કેમ્પમાં પોલીસ પરિવારના બાળકો એવી પ્રવૃત્તિઓથી પરિચિત થાય છે કે જેનાથી તેમની વિવેચનાત્મક અને તાર્કિક કુશળતામાં સુધારો આવી શકે છે. સાથેજ, બાળકોમાં સામાજિક કૌશલ્યો વિકસે, તેમના વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન મળે, તેઓ શારીરિક પ્રવૃત્તિઓમાં જોડાય, નવા મિત્રો બનાવે અને મૂલ્યવાન જીવન કૌશલ્યો શીખે તે રીતની તમામ તકો તેમને મળે તે આશયથી આ સમર કેમ્પ યોજાઈ રહ્યો છે.

ભુજનું સ્મૃતિવન મ્યૂઝિયમ માત્ર ભારત જ નહીં પણ દુનિયાનું ગૌરવ : સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથ સિંહ

કચ્છીજનોની ખુમારી અને ભૂકંપ બાદ વડાપ્રધાનશ્રીના વિઝનથી કચ્છના સર્વાંગી વિકાસને બિરદાવતા સંરક્ષણ મંત્રીશ્રી



કમલમ્,

કચ્છની મુલાકાતે પધારેલા દેશના સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથ સિંહે ભુજના સ્મૃતિવન મ્યૂઝિયમ એન્ડ મેમોરિયલની મુલાકાત લઈને ભૂકંપના દિવંગતોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અને ભૂકંપના દિવંગતોની યાદમાં નિર્મિત સ્મૃતિવન મેમોરિયલની મુલાકાત દરમિયાન ભારતના સંરક્ષણ મંત્રીશ્રીએ જીવસૃષ્ટિની ઉત્પતિ, માનવજીવનો ક્રમિક વિકાસ, દુનિયાની ઉત્પત્તિથી માંડીને કુદરતી આપદાઓ, આફતો સામેની ભવિષ્યની તૈયારીઓ વિશેની વિગતો મેળવી હતી. આ ઉપરાંત ઐતિહાસિક હડપ્પન વસાહતો, ભૂકંપને લગતી વૈજ્ઞાનિક માહિતીના વિવિધ ચાર્ટ, મોડેલ નિહાળીને સંરક્ષણ મંત્રીશ્રી પ્રભાવિત થયા હતા. સ્મૃતિવનની મુલાકાત બાદ સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આકાર પામેલું સ્મૃતિવન મ્યૂઝિયમ ભૂકંપના દિવંગતોને આજે શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યું છે. સ્મૃતિવન મ્યૂઝિયમ આજે માત્ર દેશજ નહીં પણ દુનિયા માટે ગૌરવ બન્યું છે. વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિથી નિર્માણ પામેલા સ્મૃતિવન મ્યૂઝિયમની મુલાકાત જરૂરથી લેવા દરેક દેશવાસીઓને આગ્રહ કરતાં સંરક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કચ્છ અને ગુજરાતના લોકોની પ્રબળ ઈચ્છા શક્તિના દર્શન સ્મૃતિવન મ્યૂઝિયમના માધ્યમથી થાય છે. સંરક્ષણ મંત્રીશ્રીએ દેશના તમામ નાગરિકોને ગૌરવ સમાન સ્મૃતિવન મ્યૂઝિયમની મુલાકાત લેવા જાહેર અપીલ કરી હતી. સ્મૃતિવન મ્યૂઝિયમમાં વિશેષ સિમ્યુલેટરની મદદથી ભૂકંપ આવે ત્યારે નિર્માણ થતી પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ સંરક્ષણ મંત્રીશ્રીએ મેળવ્યો હતો. કચ્છના લોકોની ખુમારી અને ભૂકંપ બાદ વડાપ્રધાનશ્રીના વિઝનથી કચ્છના સર્વાંગી વિકાસને સંરક્ષણ મંત્રીશ્રીએ બિરદાવ્યો હતો. ધીરજ, અવિરત હિંમતની માનવકથાઓ તેમજ ભૂકંપની આપદામાં બચી ગયેલા લોકોના સંસ્મરણોની ગાથાઓ વિશેજાણીને કચ્છીજનોના ધૈર્ય અને હિંમતની સંરક્ષણ મંત્રીશ્રીએ પ્રસંશા કરી હતી. આ મુલાકાત દરમિયાન ભારતની વાયુસેનાના એર ચીફ માર્શલશ્રી અમર પ્રિત સિંહ, સંરક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી અમિત કિશોરે, કચ્છ મોરબી સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય સર્વેશ્રી કેશુભાઈ પટેલ, શ્રી ત્રિકમભાઈ છાંગા, શ્રીમતિ માલતીબેન મહેશ્વરી, શ્રી અનિરુદ્ધભાઈ દવે, શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા, શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, અગ્રણીશ્રી દેવજીભાઈ વરચંદ, કચ્છ કલેક્ટરશ્રી આનંદ પટેલ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી વિકાસ સુંડા, ભુજ પ્રાંત અધિકારીશ્રી અનિલ જાદવ, ભુજ ગ્રામ્ય મામલતદારશ્રી એ. એન. શર્મા, ભુજ શહેર મામલતદારશ્રી ડી.કે. રાજપાલ, સ્મૃતિવન મ્યૂઝિયમના ડીરેક્ટરશ્રી મનોજ પાંડે સહિત જિલ્લા વહીવટીતંત્ર, સંરક્ષણ દળની વિવિધ પાંખોના ઉચ્ચ અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

ભારતના રાષ્ટ્રપતિએ ૫૮મો જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રદાન કર્યો

કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ, શ્રીમતી દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં આયોજિત એક કાર્યક્રમમાં સંસ્કૃત વિદ્વાન જગદગુરુ રામભદ્રાચાર્યજીને ૫૮મો જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત કર્યો હતો. આ પ્રસંગે બોલતા, રાષ્ટ્રપતિએ જગદગુરુ રામભદ્રાચાર્યને અભિનંદન આપ્યા હતા. તેમણે ગુલઝારને પણ જ્ઞાનપીઠ પુરસ્કાર માટે અભિનંદન આપ્યા હતા, જેઓ એવોર્ડ સમારોહમાં હાજરી આપી શક્યા ન હતા. તેમણે ગુલઝારજી જલ્દીથી સંપૂર્ણપણે સ્વસ્થ અને સક્રિય બને અને કલા, સાહિત્ય, સમાજ અને દેશ માટે યોગદાન આપતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું કે સાહિત્ય સમાજને એક કરે છે અને જાગૃત કરે છે. ૧૯મી સદીના સામાજિક જાગૃતિથી લઈને ૨૦મી સદીના આપણા સ્વાતંત્ર્ય સંગ્રામ સુધી, કવિઓ અને લેખકોએ લોકોને જોડવામાં મોટી ભૂમિકા ભજવી છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત 'વંદેમાતરમ' ગીત લગભગ ૧૫૦ વર્ષથી ભારત માતાના બાળકોને જાગૃત કરી રહ્યું છે અને હંમેશા કરશે. વાલ્મીકિ, વ્યાસ અને કાલિદાસથી લઈને રવિન્દ્રનાથ ટાગોર જેવા શાશ્વત કવિઓની કૃતિઓ સુધી, આપણે જીવંત ભારતનો ધબકાર અનુભવીએ છીએ. આ ધબકાર ભારતીયતાનો અવાજ છે. રાષ્ટ્રપતિએ ૧૯૬૫થી વિવિધ ભારતીય ભાષાઓના ઉત્કૃષ્ટ સાહિત્યકારોને પુરસ્કાર આપવા બદલ ભારતીય જ્ઞાનપીઠ ટ્રસ્ટની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે ભારતીય ભાષાઓમાં ઉત્કૃષ્ટ સાહિત્યકારોને પુરસ્કાર આપવાની પ્રક્રિયામાં, ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કારના પસંદગીકારોએ શ્રેષ્ઠ સાહિત્યકારોની પસંદગી કરી છે અને આ પુરસ્કારની ગરિમા જાળવી રાખી છે અને પ્રોત્સાહન આપ્યું છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા મહિલા લેખકો જેમ કે આશાપૂર્ણા દેવી, અમૃતા પ્રીતમ, મહાદેવી વર્મા, કુર્રાતુલ-આઈન-હૈદર, મહાશ્વેતા દેવી, ઈન્દિરા ગોસ્વામી, કૃષ્ણા સોબતી અને પ્રતિભા રેએ ભારતીય પરંપરા અને સમાજનું વિશેષ સંવેદનશીલતાથી અવલોકન અને અનુભવ કર્યો છે અને આપણા સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે. તેમણે કહ્યું કે આપણી બહેનો અને દીકરીઓએ સાહિત્ય સર્જનમાં સક્રિયપણે ભાગ લેવો જોઈએ અને આ મહાન મહિલા લેખકો પાસેથી પ્રેરણા લઈને આપણી સામાજિક વિચારસરણીને વધુ સંવેદનશીલ બનાવવી જોઈએ. શ્રી રામભદ્રાચાર્યજી વિશે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમણે શ્રેષ્ઠતાનું પ્રેરણાદાયી ઉદાહરણ સ્થાપિત કર્યું છે. તેમણે તેમના બહુપક્ષીય યોગદાનની પ્રશંસા કરી અને કહ્યું કે શારીરિક રીતે અશક્ત હોવા છતાં, તેમણે પોતાની દિવ્ય દ્રષ્ટિથી સાહિત્ય અને સમાજની અસાધારણ સેવા કરી છે. તેમણે જણાવ્યું હતું કે શ્રી રામભદ્રાચાર્યએ સાહિત્ય અને સમાજસેવા બંને ક્ષેત્રોમાં વ્યાપક યોગદાન આપ્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમના ગૌરવશાળી જીવનમાંથી પ્રેરણા લઈને, ભાવિ પેઢીઓ સાહિત્ય સર્જન, સમાજ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણમાં સાચા માર્ગ પર આગળ વધતી રહેશે.

સ્ટીલ મંત્રાલયની નવી વેબસાઇટનું લોન્ચિંગ

સ્ટીલ મંત્રાલયે તેની કામગીરીમાં પારદર્શિતા, સુલભતા અને કાર્યક્ષમતા વધારવા માટે રચાયેલ નવી વેબસાઇટ લોન્ચ કરી

કમલમ્,

કેન્દ્રીય સ્ટીલ અને ભારે ઉદ્યોગ મંત્રીશ્રી એચ. ડી. કુમારસ્વામીએ ૧૬ મે ૨૦૨૫ના રોજ નવી દિલ્હીના ઉદ્યોગ ભવન ખાતે સ્ટીલ મંત્રાલયની નવી વેબસાઈટ લોન્ચ કરી. આ નવી વેબસાઈટ તેના સંચાલનમાં પારદર્શિતા, સુલભતા અને કાર્યક્ષમતા વધારવા માટે બનાવવામાં આવી છે. નવી વેબસાઈટમાં આધુનિક, વપરાશકર્તા મૈત્રીપૂર્ણ ઈન્ટરફેસ છે, જે મુલાકાતીઓ માટે નેવિગેટ કરવાનું અને સંબંધિત માહિતી શોધવાનું સરળ બનાવે છે. નવી લોન્ચ થયેલી વેબસાઈટની મુખ્ય વિશેષતાઓમાં સામેલ છે:

- વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ ઈન્ટરફેસ:વેબસાઈટ સ્પષ્ટ અને સાહજિક અનુભવ પ્રદાન કરે છે, જે ખાતરી કરે છે કે હિસ્સેદારો નીતિ દસ્તાવેજો, ઉદ્યોગ ડેટા અને વિવિધ પહેલો પરની માહિતી ઝડપથી ઍક્સેસ કરી શકે છે.
- ઉન્નત સાયબર સુરક્ષા: આ વેબસાઈટ સંવેદનશીલ ડેટાને સુરક્ષિત રાખવા અને મંત્રાલયની ઓનલાઈન હાજરીની અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે નવીનતમ સાયબર સુરક્ષા પગલાંનો સમાવેશ કરે છે. વેબસાઈટ્સ (GIGW) માટેની નવીનતમ માર્ગદર્શિકાનું પણ પાલન કરે છે , જે અપંગતા ધરાવતા લોકો સહિત તમામ નાગરિકો માટે સુલભતા સુનિશ્ચિત કરે છે.
- આ વેબસાઈટ વિવિધ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે જે સામાન્ય જનતા સુધી વધુ સારી પહોંચ પૂરી પાડે છે. આ નવી વેબસાઈટ ભારતીય સ્ટીલ ક્ષેત્રના શાસનને સુધારવા અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની સરકારની પ્રતિબદ્ધતામાં એક મહત્વપૂર્ણ ફાળો રજૂ કરે છે. આ વેબસાઈટ ભારતીય સ્ટીલ ઉદ્યોગ વિશે વ્યાપક માહિતી પ્રદાન કરે છે, જેમાં ઉત્પાદન આંકડા, નીતિ અપડેટ્સ અને વિવિધ યોજનાઓ અને પહેલોની વિગતોનો સમાવેશ થાય છે. તેમાં ઈન્ટરેક્ટિવ ટૂલ્સ, ઉપકરણો પર સીમલેસ ઍક્સેસ માટે પ્રતિભાવશીલ ડિઝાઈન અને નિયમિત અપડેટ્સનો પણ સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં સ્ટીલ મંત્રાલયના સચિવ શ્રી સંદીપ પાઉન્ડ્રિક અને સ્ટીલ મંત્રાલયના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઓપરેશન સિંદૂરના સન્માનમાં સિદ્ધપુરમાં તિરંગા યાત્રા યોજાઈ

ભારત માતા કી જયના નાદથી ગુંજી ઉઠ્યું સિદ્ધપુર

કમલમ્,સિદ્ધપુર

જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા મા ભારતીને તથા આપણા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા સિદ્ધપુર ખાતે નગરપાલિકા થી ઝાંપલી પોળ સુધી તિરંગા યાત્રા યોજાઈ હતી.

જેમાં ભારતીય સેનાના સન્માન માટે આયોજિત તિરંગા યાત્રાને કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા પાકિસ્તાનના ઘરમાં ઘુસીને આતંકવાદીઓના ઠેકાણાનો નાશ કર્યો છે. વિશ્વે પણ ભારતની નોંધ લીધી છે. ઓપરેશન સિંદૂર થકી ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતના વિજયને ઉજવવા અને લોકોમાં દેશપ્રેમની ભાવના અખંડિત રહે એ હેતુથી આજે સિદ્ધપુરમાં તિરંગા યાત્રા યોજવામાં આવી છે. તિરંગા યાત્રામાં નગરપાલિકા પ્રમુખ અનિતાબેન પટેલ, ઉપપ્રમુખ સોનલ બેન ઠાકર, એપીએમસી ચેરમેન નવિષ્ણુભાઈ પટેલ, સંગઠનના પદાધિકારીઓ, વિવિધ સામાજિક ધાર્મિક સંસ્થાઓ, પોલીસ જવાનો ,હોમગાર્ડ્સ જવાનો, દરેક સમાજના અગ્રણીઓ, વ્યાપારીઓ અને શહેરીજનો જોડાયા હતા.

સૈન્યના શોર્યને તિરંગા યાત્રાથી સન્માનતુ હિંમતનગર

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલે તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવી

કમલમ્,ઈકબાલ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરમાં ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણીના ભાગરૂપે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલે તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવી હતી. આ યાત્રા હિંમતનગરના વૈશાલી ગ્રાઉન્ડ ખાતેથી શરૂ થઈ મહાવીર નગર ,તેમજ હિંમતનગરના વિવિધ વિસ્તારોમાં થઈ ટાવર ચોક સુધી યોજાઈ હતી. શૌર્યવાન અને પરાક્રમી ભારતીય સેના દ્વારા પાકિસ્તાન પર કરાયેલી કાર્યવાહીને બિરદાવવા, ઓપરેશન સિંદૂરની સફળતાના ભાગરૂપે યોજાયેલી આ તિરંગા યાત્રામાં દેશભક્તિનો માહોલ ઠેર ઠેર જોવા મળ્યો હતો. આ યાત્રામાં લોકસભા સાંસદ શોભનાબેન બારૈયા, રાજ્યસભા સાંસદ રમીલાબેન બારા, હિંમતનગર ધારાસભ્યશ્રી વી.ડી ઝાલા, ઈડર ધારાસભ્યશ્રી રમણલાલ વોરા ,પ્રાંતિજ ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર , જિલ્લા અગ્રણી શ્રી કનુભાઈ પટેલ, શ્રી ગજેન્દ્રભાઈ સકસેના, સુશ્રી કૌશલ્યા કુંવરબા પરમાર ,સહકારી આગેવાન શ્રી મહેશભાઈ પટેલ , શ્રી જેઠાભાઈ પટેલ, શ્રી શાંતિ ગીરીમહારાજ, જે. ડી પટેલ, સહિત વિવિધ સંગઠનના પ્રદેશ તેમજ જિલ્લાના પદાધિકારીઓ, વિવિધ મોરચાના અને સંગઠનના હોદ્દેદારો, તેમજ સમગ્ર સાબરકાંઠાના આગેવાનો હિંમતનગરના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

શ્રી સોમનાથ મહદેવ સેવા સમિતિ તથા સમસ્ત સંડેસરી ગ્રામજનો દ્વારા આયોજિત શ્રી સોમનાથ મહાદેવ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમા કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી. સોમનાથ દાદાના આશીર્વાદ સદાય આપસૌ પર સદાય બન્યા રહે એવી મહાદેવના ચરણોમાં પ્રાર્થના. આ પ્રસંગે શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, જશુભાઈ પટેલ, શ્રી મનીષભાઈ પ્રજાપતિ, શ્રી વિક્રમસિંહ ઠાકોર, ભાનુમતિબેન મકવાણા, શ્રી વિજીભાઈ ચૌધરી, શ્રી શિવાભાઈ ભૂરિયા, શ્રી અશોકભાઈ પટેલ, મહંત શ્રી અમરભારતી મહારાજ, શ્રી મહેન્દ્રરામ મહારાજ, શ્રી મહાનભારતી મહારાજ, શ્રી કનિકપુરી મહારાજ, તેમજ સાધુ સંતો, મુખ્ય દાતાશ્રી - શ્રી ભગવાનભાઈ, સ્વ દલજીભાઈ, સ્વ નરસંગભાઇ, સ્વ લાલજીભાઈ પરિવાર અને મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજયના નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને રાજ્ય સહકાર રાજ્ય મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ઈન્ડિયન પોટાશ લિ.ની વિઝિટ લીધી

મંત્રીશ્રીઓએ વલસાડ સુગર ફેક્ટરીના નવા મેનેજમેન્ટ સાથે બેઠક કરી ખેડૂતોના હિતમાં નિર્ણય લેવા માર્ગદર્શન આપ્યું

કમલમ્,વલસાડ

રાજયના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને સહકાર રાજ્ય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આજ રોજ વલસાડના પારનેરા પારડી ખાતે ઈન્ડિયન પોટાશ લી. સંચાલિત વલસાડ સુગર ફેક્ટરીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત બાદ યોજાયેલી બેઠકમાં રાજયના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને સહકાર રાજ્ય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ ઈન્ડિયન પોટાશ લિ. ના મેનેજમેન્ટ સાથે ચર્ચા કરી હતી. રાજ્ય સરકારના સહકાર વિભાગના ધારાધોરણ મુજબ સભાસદો(ખેડૂતો)ને તેમની શેરડીના પિલાણના મહત્તમ ભાવો સમયમર્યાદામાં મળે અને હાલના જે સભાસદો છે તેમાં વધારો થાય તેમજ જિલ્લાના વધુમાં વધુ ખેડૂતો આ સુગર ફેક્ટરીનો લાભ લે તે જોવા જણાવ્યું હતું. આ બેઠકમાં રાજયના સહકાર સચિવશ્રી સંદીપકુમાર, ખાંડ નિયામકશ્રી એચ.એન.પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર એચ.એન.કાછડ, પ્રાંત અધિકારી વિમલ પટેલ તેમજ સંબધિત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

આપણે હવે મુસાફરી કે આયાત દ્વારા એવા દેશોને સશકત બનાવી શકીએ નહીં જેઆપણા હિતોના વિરોધી છે અને કટોકટીના સમયમાં આપણી વિરુદ્ધ છે: ઉપરાષ્ટ્રપતિ

કમલમ્,

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરે કહ્યું હતું, "શું આપણે એવા દેશોને સશક્ત બનાવી શકીએ છીએ, જે આપણા હિતોના વિરોધી છે? સમય આવી ગયો છે જ્યારે આપણામાંના દરેકે આર્થિક રાષ્ટ્રવાદ વિશે ઊંડાણપૂર્વક વિચાર કરવો જોઈએ," તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આપણી ભાગીદારીને કારણે હવે આપણે મુસાફરી કે આયાત દ્વારા તે દેશોની અર્થવ્યવસ્થામાં સુધારો કરી શકીએ નહીં, જેઓ કટોકટીના સમયે તે દેશો આપણી વિરુદ્ધ ઉભા રહે છે." આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે જયપુરિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના વાર્ષિક દીક્ષાંત સમારોહને સંબોધતા શ્રી ધનખડે કહ્યું, "દરેક વ્યક્તિ સુરક્ષામાં રાષ્ટ્રને મદદ કરવા માટે સશક્ત છે. ખાસ કરીને વેપાર, વ્યવસાય, વાણિજ્ય અને ઉદ્યોગ સુરક્ષાના મુદ્દાઓમાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. તેથી હું દ્રઢપણે માનું છું કે આપણે હંમેશા એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ, અને તે છે: રાષ્ટ્ર પ્રથમ. દરેક વસ્તુને ઊંડી અને અવિચલ પ્રતિબદ્ધતા, રાષ્ટ્રવાદ પ્રત્યે સમર્પણના આધાર પર ગણવી જોઈએ. અને તે માનસિકતા આપણે આપણા નાના બાળકોને પહેલા દિવસથી જ શીખવવી જોઈએ." તેમણે ચાલી રહેલા ઓપરેશન સિંદૂરની પણ પ્રશંસા કરી અને ભારતના સશસ્ત્ર દળોને ધન્યવાદ આપ્યા. "આ પ્રસંગે, હું ખાસ કરીને દેશના યુવાનોને સંબોધિત કરી રહ્યો છું, તેથી હું તમામ સશસ્ત્ર દળો અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વને ચાલુ ઓપરેશન સિંદૂરની નોંધપાત્ર સફળતા માટે મારા સલામ કરું છું." પહેલગામ ખાતે થયેલા બર્બર હુમલાનો યોગ્ય જવાબ ગણાવતા તેમણે ઉમેર્યું, "આ એક નોંધપાત્ર બદલો હતો, જે પહેલગામમાં થયેલી બર્બરતા - ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલા પછી આપણા નાગરિકો પરનો સૌથી ઘાતક હુમલો - સામે શાંતિ અને સુલેહ-શાંતિના આપણા સિદ્ધાંતોને અનુરૂપ છે. આ દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના હૃદય બિહારથી સમગ્ર વૈશ્વિક સમુદાયને સંદેશ મોકલ્યો. તે ખાલી શબ્દો નહોતા. દુનિયા હવે સમજી ગઈ છે: જે કહેવામાં આવે છે તે વાસ્તવિકતા છે. "હવે કોઈ પુરાવા માંગતું નથી. દુનિયાએ જોયું છે અને સ્વીકાર્યું છે. આપણે આ ગાથા જોઈ છે - તે દેશ આતંકવાદમાં કેવી રીતે ઊંડાણપૂર્વક ડૂબેલો છે. "જ્યારે શબપેટીઓ સશસ્ત્ર દળો અને લશ્કરી શક્તિ અને રાજકીય શક્તિ સાથે લઈ જવામાં આવે છે, ત્યારે ભારત દ્વારા સિંદૂર સાથે ન્યાય આપવામાં આવે છે." શ્રી ધનખરે ખાતરી આપી કે ભારતના આતંકવાદ વિરોધી પ્રયાસોમાં એક નવો માપદંડ સ્થાપિત થયો છે. "યુદ્ધ અને આતંકવાદ સામેની લડાઈના મિકેનિક્સમાં, એક નવો માપદંડ સ્થાપિત થયો છે. ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનના પ્રદેશમાં ખૂબ જ અંદર બહાવલપુર ખાતે જૈશ-એ-મોહમ્મદને નિશાન બનાવ્યું. આંતરરાષ્ટ્રીય સરહદની પેલેપાર - જૈશ-એ-મોહમ્મદનું મુખ્ય મથક, લશ્કર-એ-તૈયબા બેઝ, મુરીદકે પણ. હવે કોઈ પુરાવા માંગતું નથી. કોઈ તેને માંગતું નથી. દુનિયાએ જોયું છે અને સ્વીકાર્યું છે." તેમણે વધુમાં ઉમેર્યું, "આ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો સરહદ પારનો હુમલો છે. આતંકવાદી સિવાય કોઈને નુકસાન ન થાય તે માટે કાળજીપૂર્વક અને ચોક્કસ રીતે કેલિબ્રેટ કરાયેલો હુમલો છે." શ્રી ધનખરે ૨ મે, ૨૦૧૧ના રોજ થયેલા યુએસ ઓપરેશનને યાદ કર્યું. "આ ૨ મે, ૨૦૧૧ના રોજ બન્યું હતું, જ્યારે ૨૦૦૧માં યુએસમાં ૧૧ સપ્ટેમ્બરના રોજ થયેલા હુમલાનું આયોજન, દેખરેખ અને અમલ કરનાર એક વૈશ્વિક આતંકવાદીએ કર્યું હતું. તેની સાથે અમેરિકા દ્વારા પણ આવી જ રીતે વ્યવહાર કરવામાં આવ્યો હતો. ભારતે પણ તે કર્યું છે અને વૈશ્વિક સમુદાયના જ્ઞાન મુજબ કર્યું છે." ભારતની સભ્યતાની વિશિષ્ટતા પર પ્રતિબિંબ પાડતા, શ્રી ધનખરે નોંધ્યું હતું, "આપણે એક રાષ્ટ્ર તરીકે અનોખા છીએ. દુનિયાનો કોઈ પણ રાષ્ટ્ર ૫,૦૦૦ વર્ષ જૂના સભ્યતાના સિદ્ધાંતો પર ગર્વ ન કરી શકે. આપણે પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના અંતરને તોડવાની નહીં, પણ સેતુ બનાવવાની જરૂર છે." શ્રી ધનખરે કહ્યું હતું, "આપણે રાષ્ટ્ર વિરોધી વાતોને કેવી રીતે નજરઅંદાજ કરી શકીએ? આ દેશમાં વિદેશી યુનિવર્સિટીઓનું આવવું એ એક એવી બાબત છે જેને શુદ્ધિકરણની જરૂર છે. તેના માટે ઊંડાણપૂર્વક વિચારવાની જરૂર છે. આ એવી બાબત છે જેના વિશે આપણે ખૂબ કાળજી રાખવી પડશે." ઉપરાષ્ટ્રપતિએ શિક્ષણ અને સંશોધન અંગેના વ્યાપારીકરણ સામે ચેતવણી આપી. "આ દેશ શિક્ષણનું વ્યાપારીકરણ અને વસ્તુકરણ પોસાય તેમ નથી. તે નિર્વિવાદ છે, તે વર્તમાન છે. આપણી સભ્યતા મુજબ શિક્ષણ અને આરોગ્ય પૈસા કમાવવાના ક્ષેત્રો નથી. આ સમાજને પરત આપવાના ક્ષેત્રો છે. આપણે સમાજ પ્રત્યેની આપણી જવાબદારી નિભાવવી પડશે." ઉદ્યોગના અગ્રણીઓને આહ્વાન કરતાં, તેમણે સંશોધનના મહત્વ પર ભાર મૂક્યો હતો. "શૈક્ષણિક સંસ્થાઓને સંપૂર્ણપણે કોર્પોરેટ્સ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવવું જોઈએ. ઋજીઈ ભંડોળને પ્રાથમિકતા આપવી જોઈએ કારણ કે સંશોધનમાં રોકાણ મૂળભૂત છે." તેમણે યાદ અપાવતા કહ્યું: "એ દિવસો ગયા જ્યારે આપણે બીજાઓની ટેકનોલોજી વિકસાવવાની રાહ જોઈ શકતા હતા. જો આપણે આવું કરીશું, તો આપણે શરૂઆતથી જ અપંગ છીએ, આપણે તેનાથી બચવું જોઈએ." આ પ્રસંગે જયપુરિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના બોર્ડ ઓફ ગવર્નર્સના ચેરમેન શ્રી શરદ જયપુરિયા, જયપુરિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના બોર્ડ ઓફ ગવર્નર્સના ચેરમેનના જીવનસાથી શ્રીમતી અંજલી જયપુરિયા, જયપુરિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ

આ દેશ શિક્ષણનું વ્યાપારીકરણ અને વસ્તુકરણ પોસાય નહીં; આ સમાજને પરત આપવાના ક્ષેત્રો છે, પૈસા કમાવવા માટે નહીં: ઉપરાષ્ટ્રપતિ

મેનેજમેન્ટના વાઈસ ચેરમેન શ્રી શ્રીવત્સ જયપુરિયા અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઓપરેશન સિંદૂરને વધાવવા અમદાવાદમાં આયોજિત તિરંગા યાત્રા બાઈક રેલીમાં જોડાયા

અમદાવાદમાં લપકામણ ગામથી અદાણી શાંતિગ્રામ સુધીની બાઇક રેલીમાં ભારત માતાનો અવિરત જયઘોષ – હિંદની સેનાના પરાક્રમના પુષ્પોથી વધામણા

કમલમ્,

ભારતીય સેનાના અપ્રતિમ શૌર્ય અને પરાક્રમના પ્રતીક ઓપરેશન સિંદૂરને સન્માનિત કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ નો વિધાન સભા મત વિસ્તાર ઘાટલોડિયા વિસ્તારમાં ભવ્ય તિરંગા યાત્રા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. લપકામણ ગામથી પ્રારંભ થયેલી આ રેલી અદાણી શાંતિગ્રામ સુધી પહોંચી હતી જે દરમિયાન રાષ્ટ્રભક્તિના અનોખા દ્રશ્યો સર્જાયા હતાં. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ રેલીમાં સહભાગી થઈને યુવાનો અને ગ્રામજનોમાં રાષ્ટ્રપ્રેમનો સંચાર કર્યો હતો. ખુલ્લી જીપમાં સવાર થઈને તેમણે સમગ્ર રૂટ દરમિયાન ગ્રામજનોનું ઉષ્માભર્યું અભિવાદન ઝીલ્યું હતું. લપકામણ, લીલાપુર, ખોડીયાર અને આસપાસના ગામોના સેંકડો યુવાનોએ ઉત્સાહભેર આ બાઈક રેલીમાં ભાગ લીધો હતો. સમગ્ર માર્ગ પર ભારત માતાના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું, અને ગ્રામજનોએ હિન્દની સેનાના વીરત્વને પુષ્પોથી વધાવી લીધું હતું. આ રેલીમાં અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, વિવિધ ગામોના સરપંચશ્રીઓ, પંચાયતના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લીધો હતો.

વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે ચોર્યાસી તાલુકાના જૂનાગામે રૂ.૨.૫૦ કરોડના ખર્ચે AM/NSના CSR ફંડથી નિર્મિત નવચેતન ઈન્ટરનેશનલ સ્કુલ અને રાજગરી ગામે રૂ.૧૦ લાખના ખર્ચે સ્માર્ટ આંગણવાડીનું લોકાર્પણ

અંગ્રેજી માધ્યમની ઈન્ટરનેશનલ શાળાનું નિર્માણ થવાથી દરિયાકાંઠાના ગામોના બાળકોને વિશ્વકક્ષાનું શિક્ષણ મળશે

શાળામાં સાંજના સમયે સિનિયર સિટીઝન પણ અધૂરો અભ્યાસ પૂર્ણ કરી શકશે: વન, પર્યાવરણ રાજ્યમંત્રી

કમલમ્, સુરત

AM/NS (આર્સેલર મિત્તલ-નિપ્પોનસ્ટીલ ઈન્ડિયા)ના સીએસઆર ફંડમાંથી ચોર્યાસી તાલુકાના જુનાગામે રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત નવચેતન ઈન્ટરનેશનલ સ્કૂલ તેમજ રૂ.૧૦ લાખના ખર્ચે રાજગરી ગામે સ્માર્ટ આંગણવાડી કેન્દ્રનું વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વનમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, હજીરાના કાંઠા વિસ્તારના જૂનાગામમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધાથી સજ્જ વિદ્યામંદિરના નિર્માણથી ભાવિ પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ બનશે. દરિયાકાંઠા વિસ્તારના ૧૦ ગામોના બાળકોને ગુજરાતી, અંગ્રેજી માધ્યમનું શિક્ષણ મેળવવા હવે શહેર સુધી નહીં જવું પડે. આવનાર સમયમાં નાની ઉંમરમાં અધૂરું શિક્ષણ મુકાઈ ગયું હોય તેવા સિનિયર સિટીઝન પણ ફરીથી આ શાળામાં સાંજના સમયે શિક્ષણ મેળવી શકશે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

વધુમાં શ્રી પટેલે કહ્યું કે, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ સમગ્ર ભારતમાં 'રેઈન વોટર હાર્વેસ્ટિંગ'ની કામગીરીમાં સુરત જિલ્લો અગ્રેસર રહ્યો છે. જેમાં કોર્પોરેટ કંપનીઓ પણ સહભાગી બની રહી છે. CSR (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબ્લિટી) ફંડમાંથી પાંચ હજારથી વધુ રેઈન વોટર હાર્વેસ્ટિંગના સ્ટ્રક્ચર તૈયાર કરવાનો સંકલ્પ કર્યો છે તે સરાહનીય છે. ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, હજીરાના દરિયાકાંઠા વિસ્તારમાં વિકાસકાર્યો થઈ રહ્યા છે. વિદેશમાં હોય એવી અંગ્રેજી માધ્યમની ઈન્ટરનેશનલ શાળાનું નિર્માણ થવાથી દરિયાકાંઠાના ગામોના બાળકોને વિશ્વકક્ષાનું શિક્ષણ મળશે. ઈચ્છાપોરથી મોરા ગામ સુધી નહેરની બંને બાજુએ ટુ-વ્હીલર-મોટરકાર માટે ૧૦ કિમીનો રસ્તો બનશે. ચોર્યાસી તાલુકામાં પીવાના પાણી, આરોગ્ય, શિક્ષણ, સિંચાઈ, રોડ-રસ્તા સહિતના અનેક કામો પ્રગતિ હેઠળ હોવાનું તેમણે કહ્યું હતું. નોંધનીય છે કે, AM/NS ઈન્ડિયાના CSR (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી) ફંડમાંથી નવચેતન વિકાસ મંડળ સંચાલિત અંગ્રેજી માધ્યમની નવચેતન ઈન્ટરનેશનલ સ્કૂલમાં કોમ્પ્યુટર લેબ, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનની પ્રયોગશાળા, સ્માર્ટ અને ગ્રીન બોર્ડ સાથેના દસ ક્લાસ રૂમ, રમત-ગમતના સાધનો, લાઈટ, સીસીટીવી કેમેરા સહિતની અત્યાધુનિક સુવિધાયુક્ત શાળાનું નિર્માણ કરાયું છે. આ પ્રસંગે તા.પંચાયત પ્રમુખ તૃપ્તિબેન પટેલ, AM/NS ઈન્ડિયા એક્ઝિક્યુટીવ ડાયરેકટર સંતોષ મુંદડા, CSR ઓલ ઈન્ડિયા હેડ ડો. વિકાસ યદવેંદુ, AM/NS પાવરના યુનિટ હેડ તુષાર સાવલિયા, નવચેતન વિકાસ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ, એચઆર હેડ યોગેશભાઈ ગોર, CSR લીડ કિરણસિંહ સિંધા, આચાર્ય હસમુખભાઈ પટેલ, શાળાના બાળકો, સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં છેલ્લા અઢી દાયકામાં નિર્મિત કરવામાં આવ્યા રાજ્યના ઈતિહાસ, વારસો અને સંસ્કૃતિની જાળવણી કરતા અભૂતપૂર્વ મ્યૂઝિયમ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝનને વિશિષ્ટ મ્યૂઝિયમના નિર્માણ થકી સાકાર કરી રહ્યું છે ગુજરાત

કમલમ્, ગાંધીનગર,

મ્યુઝિયમ એટલે એવું સ્થળ કે જ્યાં સંબંધિત દેશ કે રાજ્યની ઐતિહાસિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક અને કલાત્મક મહત્વ ધરાવતી વિવિધ ચીજવસ્તુઓને એકત્રિત કરીને લોકો સમક્ષ પ્રદર્શિત કરવામાં આવે છે, જે લોકો માટે શૈક્ષણિક અને જ્ઞાનવર્ધક સ્થળ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મ્યુઝિયમની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું છે કે, "મ્યુઝિયમ હકીકતો અને પુરાવાઓ આધારિત વાસ્તવિકતા રજૂ કરે છે. તે આપણને ભૂતકાળમાંથી પ્રેરણા પૂરી પાડે છે, અને ભવિષ્ય પ્રત્યેની આપણી ફરજો પ્રત્યે આપણને સભાન કરે છે." તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા ૨ દાયકામાં ગુજરાતમાં વિવિધ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે રાજ્યના ઈતિહાસ અને સંસ્કૃતિને વિશ્વના લોકો સમક્ષ ઉજાગર કરે છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતના વડનગર ખાતે ભારતના સૌપ્રથમ આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે પ્રાચીનતમ વડનગર શહેરનો ભવ્ય ઈતિહાસ પ્રદર્શિત કરે છે. ઉલ્લેખનીય છે કે, ૧૮ મે નો દિવસ 'ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે' તરીકે ઊજવવામાં આવે છે, જેની વર્ષ ૨૦૨૫ માટેની થીમ છે 'ધ ફ્યુચર ઑફ મ્યુઝિયમ્સ ઈન રેપિડલી ચેન્જિંગ કોમ્યુનિટીઝ' એટલે કે, ઝડપથી બદલાઈ રહેલા સમુદાયોમાં મ્યુઝિયમનું ભવિષ્ય. આ થીમ એ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરે છે કે, મ્યુઝિયમ કેવી રીતે સામાજિક, તકનીકી અને પર્યાવરણીય બદલાવોમાંથી પસાર થઈ રહેલા વિશ્વમાં અનુકૂલન સાધી શકે છે, નવીનીકરણ કરી શકે છે અને યોગદાન આપી શકે છે. ગુજરાતમાં છેલ્લા ૨ દાયકામાં નિર્મિત કરવામાં આવેલા કેટલાંક વિશિષ્ટ અને પ્રખ્યાત મ્યુઝિયમ વિશે માહિતી મેળવીએ.

વડનગર ખાતે ભારતનું પ્રથમ આર્કિયોલોજિકલ એક્સપિરિયન્શિયલ મ્યુઝિયમ

વડનગર ખાતે નવનિર્મિત આર્કિયોલોજીકલ એક્સપિરિયન્શિયલ મ્યુઝિયમ ભારતનું આ પ્રકારનું પ્રથમ મ્યુઝિયમ છે, જેનો ઉદ્દેશ અહીં ખોદકામ દરમિયાન પ્રાપ્ત થયેલા પુરાતત્વીય પદાર્થો મારફતે વડનગરના બહુસ્તરીય સાંસ્કૃતિક ઈતિહાસને ઉજાગર કરવાનો અને ૨૫૦૦ વર્ષોથી પણ વધુ સમયથી આ શહેરમાં થતી રહેલી માનવ ઉત્ક્રાંતિને પ્રદર્શિત કરવાનો છે. આ મ્યુઝિયમ ૧૩,૫૨૫ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે, જે પુરાતત્વીય ખોદકામ દરમિયાન મળેલી અંદાજિત ૭૦૦૦થી વધુ કલાકૃતિઓને પ્રદર્શિત કરે છે. મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની, કલાઓ, શિલ્પો અને આ વિસ્તારની ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરીઓ બનાવવામાં આવી છે.

વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમોની યાદીમાં સામેલ ભુજનું સ્મૃતિવન ભૂકંપ સ્મારક

ગુજરાતમાં ૨૦૦૧માં આવેલા ભૂકંપ દરમિયાન કચ્છમાં જીવ ગુમાવનારા નાગરિકોની સ્મૃતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સ્મૃતિવન ભૂકંપ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૪૭૦ એકર વિસ્તારમાં ફેલાયેલા સ્મૃતિવનમાં વિશાળ મિયાવાકી જંગલ આવેલું છે. અહીંયા ૫૦ ચેકડેમ છે, અને શ્રદ્ધાંજલિ તરીકે કુલ ૧૨,૯૩૨ પીડિત નાગરિકોના નામની તકતી ચેકડેમની દીવાલો પર મૂકવામાં આવી છે. અહીં ૨૦૦૧માં આવેલા ભૂકંપની અનુભૂતિ કરવા માટે એક વિશેષ થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યાં ધ્રુજારી અને ધ્વનિ તથા પ્રકાશના સંયોજનથી ભૂકંપની પરિસ્થિતિનો અનુભવ કરાવવામાં આવે છે. યુનેસ્કો દ્વારા સ્મૃતિવનને વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

દાંડી કુટિર, ગાંધીનગર

ગાંધીનગરમાં સ્થિત દાંડી કુટિર એ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન પર આધારિત ભારતનું પ્રથમ હાઈટેક અને અત્યાધુનિક મ્યુઝિયમ છે. દાંડી કુટિર એ ૪૧ મીટરનો શંકુ આકારનો સફેદ ગુંબજ છે, જે મીઠાના ઢગલાનું પ્રતીક છે. આ ગુંબજ બ્રિટિશ શાસન દ્વારા લાદવામાં આવેલા મીઠાના કરની સામે વિરોધ પ્રદર્શિત કરવા ગાંધીજીએ ૧૯૩૦માં જે દાંડીકૂચ કરી હતી, તેના પ્રતીકરૂપે ઊભો છે. દાંડી કુટિરમાં ગાંધીજીના જન્મથી મૃત્યુ સુધીના દરેક વૃત્તાંતોને તકનીકી માધ્યમથી દર્શાવવામાં આવ્યા છે. અહીંયા મુલાકાતીઓ ૩ઢ મેપિંગ, હોલોગ્રાફી, ૩૬૦ ડિગ્રી પ્રોજેકશન અને પારદર્શક ન્ઈઢ સ્ક્રીન જેવી ટેકનોલોજી થકી ગાંધીજીનું જીવનચરિત્ર નિહાળી શકે છે.

શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરિયલ

કચ્છના માંડવીમાં જન્મેલા ભારતના મહાન ક્રાંતિકારી શ્રી શ્યામજીકૃષ્ણ વર્માના અસ્થિકળશ જિનિવાથી સ્વદેશ લાવ્યા બાદ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ માંડવી ખાતે વર્ષ ૨૦૧૦માં શ્યામજીકૃષ્ણ વર્મા મેમોરિયલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ક્રાંતિતીર્થમાં આઝાદીની લડતના ૧૮૫૭થી ૧૯૪૭ સુધીના ૯૦ વર્ષની ઐતિહાસિક પ્રમુખ ઘટનાઓની તવારીખ અને ક્રાંતિકારી દેશભકતોના સચિત્ર સમર્પણની ગાથા પ્રસ્તુત કરવામાં આવી છે. શ્યામજીકૃષ્ણ વર્માએ સશસ્ત્ર ક્રાંતિથી આઝાદી મેળવવાના સંકલ્પ તરીકે લંડનમાં જે ઈન્ડિયા હાઉસ ઊભું કર્યું હતું, તેની પ્રતિકૃતિ પણ અહીં સ્મારક તરીકે મૂકવામાં આવી છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી મ્યુઝિયમ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૮માં નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઑફ યુનિટી'નું લોકાર્પણ કર્યું હતું. સ્ટેચ્યૂ ઑફ યુનિટી પ્રોજેક્ટના ભાગરૂપે ૨૦૧૮માં સ્ટેચ્યુ ઑફ યુનિટી મ્યુઝિયમનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ મ્યુઝિયમ અને એક્ઝિબિશન હોલ સરદાર સાહેબની વિશાળ પ્રતિમાના નીચેના ભાગમાં સ્થિત છે, જ્યાં ઑડિઓ-વિઝ્યુઅલ પ્રદર્શનો, હોલોગ્રામ અને ઈન્ટરેક્ટિવ પ્રદર્શનો છે. આ ઉપરાંત, આ મ્યુઝિયમમાં આદિવાસી સંસ્કૃતિ અને પ્રાદેશિક વારસા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

શ્રીસ્થળ સંગ્રહાલય, સિદ્ધપુર

શ્રીસ્થળ સંગ્રહાલય પાટણના સિદ્ધપુરમાં બિંદુ સરોવર સંકુલની નજીક આવેલું છે અને તે સામાન્ય લોકો માટે સિદ્ધપુર મ્યુઝિયમ અથવા બિંદુ સરોવર મ્યુઝિયમ તરીકે જાણીતું છે. વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ રાજ્યના તત્કાલીન પ્રવાસન મંત્રીશ્રીએ આ સંગ્રહાલયના નિર્માણની દરખાસ્ત કરી હતી અને ૨૦૧૭માં આ મ્યુઝિયમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ મ્યુઝિયમ સિદ્ધપુરના વૈભવી ઈતિહાસને પ્રદર્શિત કરે છે. આ મ્યુઝિયમમાં ત્રણ ગેલેરીઓ છે, જેમાં તીર્થ ગેલેરી, ઈતિહાસ ગેલેરી અને સમાજ ગેલેરીનો સમાવેશ થાય છે.

નિર્માણાધીન લોથલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિરાસત ભી, વિકાસ ભી'ના વિઝનને સાકાર કરવા માટે લોથલ ખાતે 'નેશનલ મેરિટાઇમ હેરિટેજ કૉમ્પ્લેક્સ'નું નિર્માણ થઈ રહ્યું છે. પાંચ હજાર વર્ષ પહેલાં ભારત કેવી સભ્યતા ધરાવતું રાષ્ટ્ર હતું, કેવી રીતે વૈશ્વિક વ્યાપાર કરાતો હતો, તેનું જીવંત નિદર્શન આ હેરિટેજ કૉમ્પ્લેક્સમાં કરવામાં આવશે. મ્યુઝિયમમાં હડપ્પન આર્કિટેક્ચર અને જીવનશૈલીને ફરીથી ઉજાગર કરવા માટે લોથલ મિની રિક્રિએશન ઉપરાંત 'મેમોરિયલ થીમ પાર્ક', 'મેરિટાઈમ અને નેવી થીમ પાર્ક', 'કલાઈમેટ થીમ પાર્ક' તેમજ એડવેન્ચર એન્ડ એમ્યુઝમેન્ટ થીમ પાર્ક' જેવા ચાર થીમ પાર્કનું નિર્માણ કરવામાં આવશે. હડપ્પીય સમયથી આજ સુધીના ભારતના સમુદ્રી વારસા પર પ્રકાશ પાડતી ૧૪ ગેલેરીઓ તેમજ અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વિવિધ સમુદ્રી વારસાને પ્રદર્શિત કરતું કોસ્ટલ સ્ટેટ્સ પેવેલિયન પણ અહીં રાખવામાં આવશે.

આગામી સમયમાં ગુજરાતમાં નિર્માણ થનાર સૂચિત સંગ્રહાલયો

આગામી સમયમાં કેટલાક વિશિષ્ટ મ્યુઝિયમોનું ગુજરાતમાં નિર્માણ થશે. આ સૂચિત મ્યુઝિયમો નીચે મુજબ છે.

- મ્યુઝિયમ ઑફ રોયલ કિંગડમ્સ ઑફ ઈન્ડિયા, એકતાનગર
- ગુજરાત વંદના મ્યુઝિયમ, એકતાનગર
- નેશનલ ટ્રાયબલ મ્યુઝિયમ, એકતાનગર
- વીર બાળક ઉદ્યાન, એકતાનગર
- તાના રીરી મ્યુઝિક મ્યુઝિયમ, વડનગર
- દ્વારકા સંગ્રહાલય, દ્વારકા
- શ્રી ઝવેરચંદ મેઘાણી મ્યુઝિયમ, ચોટીલા

રાજ્ય સરકાર જૂના મ્યુઝિયમોને અપડેટ કરીને તેમને આંતરરાષ્ટ્રીય સ્તરના મ્યુઝિયમોમાં પરિવર્તિત કરવા માટે પણ કામ કરી રહી છે. સાપુતારા ખાતે ટ્રાયબલ મ્યુઝિયમ તેમજ પાટણમાં સ્થિત મ્યુઝિયમ કે જેને રાજમાતા નાયિકાદેવી સંગ્રહાલય નામ આપવામાં આવ્યું છે, તેને અપડેટ કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે, જ્યારે બરોડા મ્યુઝિયમ અને પિક્ચર ગેલેરી, રાજકીય સંગ્રહાલય, જૂનાગઢ, તેમજ વોટસન મ્યુઝિયમ, રાજકોટને આંતરરાષ્ટ્રીય સ્તરના મ્યુઝિયમો બનાવવા માટેની કામગીરી પ્રગતિ હેઠળ છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાત પોતાના ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાનું જતન કરવા તેમજ તેને વિશ્વના લોકો સમક્ષ ઉજાગર કરવા માટે પ્રતિબદ્ધ છે.